## ERRIN
## વિશે

### સ્થળાંતર કરનારાના પરત ફરવા અને પુન:એકીકરણ માટે સંયુક્ત અભિગમની સુવિધા

**યુરોપિયન રીટનર્ એન્ડ રીઇન્ટિગર્ેશન નેટવકર્ (ERRIN)** એ 15 સાથીદાર દેશોનું એક સંઘ છે જે સ્થળાંતરિત કરનારા લોકોના પરત ફરવાને અને પુન:એકીકરણને સરળ બનાવે છે, જે યુરોપમાં રહી શકતા નથી અથવા રહેવા માંગતા નથી. ERRIN એ વિશાળ શર્ેણીની જરૂરિયાતો પૂરી પાડે છે, જે મૂળ દેશમાં પરત ફરતા લોકો માટે પરામશર્, ભલામણ અને પુન:એકીકરણ સહાય પૂરી પાડે છે.

પર્ોગર્ામ હેઠળ, કેરીટાસ ઇન્ટરનેશનલ બેલ્જિયમ (CIB) ભારત માટે કરારયુક્ત સેવા પર્દાતા છે. CIB કેરીટાસ ઇન્ડિયા સાથે સ્થાનિક અમલીકરણ સાથીદાર તરીકે કામ કરે છે, જે સ્વૈચ્છિક અને બિન-સ્વૈચ્છીક એમ બંને, પરત ફરનારાના પુન:એકીકરણના પર્થમ પગલાં સાથે સહાય કરવા માટે કામ કરે છે.

ERRIN યુરોપિયન યુનિયન આશર્યસ્થાન, સ્થળાંતર અને સંકલન ફંડ (AMIF), સહભાગી રાષ્ટરીય એજન્સીઓ દ્વારા સહ-નાણાંકીય સહાય સાથે ભંડોળ ધરાવે છે.

વધારે શોધો: **www.returnnetwork.eu**

## ERRIN
## સાથીદાર દેશો

| | યુરોપિયન સાથીદાર સંસ્થાઓ |
|---|---|
| **ઑસ્ટ્રિયા** | ફેડરલ મિનિસ્ટરી ઓફ ઇન્ટિરીયર |
| **ગર્ીસ** | મિનિસ્ટરી ઓફ ઇન્ટિરીયર એન્ડ એડમિનિસ્ટર્ેટિવ રીકન્સ્ટરક્શન |
| **જમર્ની** | ફેડરલ મિનિસ્ટરી ઓફ ઇન્ટિરીયર, બિલ્ડીગ એન્ડ કોમ્યુનિટિ-ફેડરલ ઑફિસ ફોર માઇગર્ેશન એન્ડ રેફ્યુજીસ |
| **ડેન્માકર્** | મિનિસ્ટરી ઓફ ઇમીગર્ેશન એન્ડ ઇન્ટિગર્ેશન |
| **નેધરલેન્ડ્સ** | મિનિસ્ટરી ઓફ જસ્ટીસ એન્ડ સિક્યોરીટી-રીપેટર્ીએશન એન્ડ ડિપાચરર સવિર્સ |
| **નૉવેર્** | ઇમિગર્ેશન ઓફ નોવેર્યન ડિરેક્ટોરેટ |
| **ફિનલેન્ડ** | ફિનિશ ઇમીગર્ેશન સવિર્સ |
| **ફર્ાન્સ** | મિનિસ્ટરી ઓફ ઇન્ટિરીયર - ઓફિસ ફોર ઇમીગર્ેશન એન્ડ ઇન્ટિગર્ેશન |
| **બેલ્જિયમ** | એસાયલમ સિકસર્ / ફેડરલ ઇમિગર્ેશન ઑફિસના આગમન માટે ફેડરલ એજન્સી |
| **માલ્ટા** | મિનિસ્ટરી ફોર હોમ અફેસર્ એન્ડ નેશનલ સિક્યોરીટી |
| **યુનાઇટેડ કિંગ્ડમ** | હોમ ઓફિસ |
| **લક્ઝેમબગર્** | મિનિસ્ટરી ઓફ ફોરેન એન્ડ યુરોપિયન અફેસર્ |
| **સ્પેન** | મિનિસ્ટરી ઓફ લેબર, માઇગર્ેશન્સ એન્ડ સોશ્યલ સિક્યોરીટી-ડિપાચર્ર ઓફ માઇગર્ેશન |
| **સ્વિટ્ઝલેર્ન્ડ** | સ્ટેટ સેકર્ેટરિયેટ ફોર માઇગર્ેશન |
| **સ્વીડન** | સ્વીડિશ માઈગર્ેશન એજન્સી |

## સંપકર્
## કરો

ERRIN પર્ોગર્ામ હેઠળ પરત આવનારા માટે ભારતમાં તમામ પર્દેશોમાં પુન:એકીકરણ સહાય પર્દાન કરવામાં આવે છે. મુખ્ય મથક નવી દિલ્હીમાં સ્થિત છે અને તેની પાસે 174 સ્થાનિક Diocese છે.

પર્થમ સંપકર્ નવી દિલ્હીના સંપકર્ વ્યક્તિ સાથે રહેશે.

### કેરીટાસ ઇન્ડિયા, હેડ ઑફિસ

**અમે તમને મદદ કરવા માટે અહી છીએ!**

| | |
|---|---|
| **મુલાકાતનું સરનામું** | CBCI, સેન્ટર અશોક પ્લેસ, ગોલે ડાકખાના પાસે, નવી દિલ્હી, 10 00 01 |
| **ખુલવાનો સમય** | સોમવાર-શુકર્વાર<br>સવારે 9.00 થી સાંજે 5.00<br>(સ્થાનિક સમય) |

+91-11-2336 3390/
2374 2339/2336 27 35

director@caritasindia.org,
catherine@caritasindia.org,
sumit@caritasindia.org

www.caritasindia.org

જો તમને કેરીટાસ ઇન્ડિયા સુધી પહોંચવામાં કોઈ મુશ્કેલી હોય તો કૃપા કરીને કેરીટાસ ઇન્ટરનેશનલ બેલ્જિયમનો સંપકર્ કરો: **+32 2 6090653**

caritas
international.be

ઇન્ડીયા
ગુજરાતી

# પરત આવનારા માટે ERRIN રીઇન્ટિગર્ેશન પર્ોગર્ામ

ERRIN
european return and reintegration network

Co-funded by the Asylum, Migration and Integration Fund of the European Union

Migration in Action
Migratie in Beweging

## શું તમે
## સહાય માટે પાત્ર છો?

જો તમે ભારતના નાગરીક હો અને ERRIN સાથીદાર દેશમાંથી (પાછળ સૂચિબદ્ધ*) પરત આવવા માંગશો, તો તમે પ્રોગ્રાનો લાભ મેળવવા માટે પાત્ર બની શકો છો.

પરત ફરનારામાં તમામ ઉંમરના અને પ્રોફાઇલ્સની સ્વૈચ્છિક અને બિન- સ્વૈચ્છિક બંને હોઇ શકે છે, અને તેમાં આ મુજબ સમાવેશ થઇ શકે છે:

- આશ્રય શોધનારા
- અસ્વીકૃત આશ્રય શોધનારા
- નિયમિત અને અનિયમિત સ્થળાંતરકારો
- એકલા સગીરો
- અન્ય નબળા લોકો

સાથીદાર દેશના જવાબદાર અધિકારીઓ દ્વારા યોગ્યતા નક્કી કરવામાં આવે છે. પુન:એકીકરણ સહાય ફક્ત જે તે સત્તાવાળાઓ દ્વારા સકારાત્મક ચકાસણી તપાસ પર જ આપવામાં આવશે.

## કેવી રીતે
## તમે અરજી કરી શકો?

તમે ERRIN સાથીદાર દેશોમાંથી એકમાં ERRIN સંપર્ક દ્વારા અરજી કરી શકો છો. તમે તમારા સામાજિક કાર્યકર અથવા સલાહકાર પાસેથી વધુ માહિતી મેળવી શકો છો.

તમારી પુન:એકીકરણ સેવાઓ ફક્ત ERRIN સાથીદાર દેશની મંજૂરી પછી સક્રિય થાય છે.

*કૃપા કરીને ધ્યાન આપો કે નેટવર્કમાંના તમામ સાથીદાર દેશો હાલમાં ભારતમાં ERRIN દ્વારા ઓફર કરવામાં આવતી પુન:એકત્રીકરણ સહાયનો ઉપયોગ કરતાં નથી. આ ફેરફારને આધીન હોઇ શકે છે. નવીનતમ માહિતી માટે તમારા સલાહકાર પાસે તપાસ કરો.

## કઇ
## સહાય આપી શકાય છે?

ERRIN પ્રોગ્રામ હેઠળ પરત ફરનાર તરીકે તમે કેરીટાસ ઇન્ડિયા દ્વારા પૂરી પાડવામાં આવતી ઘણી પરત ફરવાની અને પુન:એકીકરણ સેવાઓ માટે લાયક હોઇ શકો છો જે તમને તમારા ઘરે પાછા ફરવા માટે મદદ કરશે.

સેવાઓ અલગ પ્રકારથી વિતરિત કરવામાં આવે છે (સિવાય કે અન્ય જણાવેલ હોય) અને તમે ક્યાંથી આવી રહ્યા છો, તમારી પ્રોફાઇલ, અને તમે વિશિષ્ટ જરૂરિયાતો ધરાવો છો કે કેમ તેના આધારે બદલાઇ શકે છે.

## અનુસરવા
## માટેની પ્રક્રિયા

### પ્રસ્થાન પહેલાં

જો તમારી અરજી ERRIN સાથીદાર દેશના અધિકારીઓ દ્વારા મંજૂર કરવામાં આવી હોય, તો તમે જરૂરી ગોઠવણો કરવામાં મદદ માટે કેરીટાસ ઇન્ડિયા અને કેરીટાસ ઇન્ટરનેશનલ બેલ્જિયમ (સંપર્ક વિગતો જુઓ) પાસેથી માહિતીની વિનંતી કરી શકો છો.

### જ્યારે તમે આવો છો

ભારતમાં આવ્યા પછી કેરીટાસ ઇન્ડિયા તમને પાયાની સહાય આપી શકે છે.

- આગમન સ્થળ પર એરપોર્ટ પિક-અપ અથવા આગમન
- દેશમાં આગળ મુસાફરી સહાય
- અસ્થાયી નિવાસ (મહત્તમ 7 દિવસ)
- તાત્કાલિક તબીબી સંભાળ માટે ભલામણો
- અન્ય મૂળભૂત આવશ્યકતાઓ

## પુન:એકીકરણ સેવાઓ

કેરીટાસ ઇન્ડિયા તમારી સાથે અનુકૂળ પુન:એકીકરણ યોજના તૈયાર કરવા માટે તમારી સાથે કામ કરશે જે ઉપલબ્ધ ગ્રાન્ટની રકમ હેઠળ, તમારી પરિસ્થિતિ અને જરૂરિયાતો ધ્યાનમાં લેશે. સેવાઓમાં સામેલ હોઇ શકે:

- સામાજિક, કાનૂની અને તબીબી સહાય
- લાંબા ગાળાની આવાસ સહાય
- શાળા અને ભાષા તાલીમ
- ટેકનિકલ અને વ્યાવસાયિક તાલીમ
- બિઝનેસ સ્ટાર્ટ અપ સહાય
- નબળા જૂથો માટે બેસ્પોક સહાય

## વિશે

**કેરીટાસ ઇન્ડિયા**, 1962 માં સ્થપાયેલી છે, જે સમુદાય સાથે એકતામાં, કટોકટીની પ્રતિક્રિયા અને પુન:પ્રાપ્તિ, સમુદાય વિકાસ, પુનર્નિર્માણ અને કુદરતી સંસાધન વ્યવસ્થાપનમાં વિકસિત થઇ છે. કેરીટાસ ઇન્ડિયા, સન્માનિત જીવન અને સમાવિષ્ટ ટકાઉ વિકાસ તરફ સમાજના સૌથી નબળા અને પાછળ ધકેલાયેલ સાથે કાર્ય કરે છે. 1990 ના અંતથી, કેરીટાસ ઇન્ડિયા સલામત સ્થળાંતર અને માનવ હેરફેરને પહોંચી વળવા માટે કાર્યક્ષમ રીતે કાર્યરત છે.

**કેરિટાસ ઇન્ટરનેશનલ બેલ્જિયમ** (CIB) એક બિન-સરકારી સંસ્થા છે અને વિવિધ ERRIN સાથીદાર દેશોમાંથી પરત આવનારાને સહાય પૂરી પાડવા માટે કેરીટાસ ઇન્ડિયા સાથે ગાઢ સહયોગમાં કાર્ય કરે છે. 2007 થી સ્વૈચ્છિક પરત ફરવાના ક્ષેત્રે CIB વિશ્વ સ્તરે સેવા આપનાર તરીકે રાષ્ટ્રીય સરકારી કાર્યક્રમને અમલમાં મૂક્યો છે.